ગૃહમાં રજૂ કર્યા  તારીખઃ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪

सत्यमेव जयते

# જાહેર સાહસો માટેની સમિતિ

# પહેલો અહેવાલ

# પંદરમી ગુજરાત વિધાનસભા

**(તેરમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના બારમા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો પર સરકારે / નિગમે લીધેલાં પગલાંના પરનો અહેવાલ)**

**ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**
**ગાંધીનગર.**
**૨૦૨૪**

ગૃહમાં રજૂ કર્યા તારીખઃ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪

सत्यमेव जयते

# જાહેર સાહસો માટેની સમિતિ

# પહેલો અહેવાલ

# પંદરમી ગુજરાત વિધાનસભા

**(તેરમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના બારમા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો પર સરકારે / નિગમે લીધેલાં પગલાંના પરનો અહેવાલ)**


**ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત**

## ગુજરાત વિધાનસભા સચિવાલય
## ગાંધીનગર.
## ૨૦૨૪

HB-463-20-3-24-SSD

©

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

# જાહેર સાહસો માટેની સમિતિ

# (૨૦૨૩ – ૨૦૨૪)

## પ્રમુખશ્રી

શ્રી ગણપતસિંહ વસાવા

## સભ્યો

શ્રીમતી માલતી મહેશ્વરી
શ્રી ઈમરાન ખેડાવાલા
શ્રી બાબુભાઈ પટેલ
શ્રી જે. વી. કાકડીયા
શ્રી મહેશ કસવાલા
શ્રી હીરાભાઈ સોલંકી
શ્રી રમેશભાઈ કટારા
શ્રી કેતનભાઈ ઈનામદાર
શ્રી યોગેશભાઈ પટેલ
શ્રી અરૂણસિંહ રણા
શ્રી રમેશભાઈ મિસ્ત્રી
શ્રી પ્રવિણભાઈ ઘોઘારી
શ્રી પૂર્ણેશ મોદી
શ્રી જીતુભાઈ ચૌધરી

## ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ
શ્રીમતી કે. એસ. પંચોલી, નાયબ સચિવ
શ્રી ચિરાગ એન. પટેલ, ઉપ સચિવ
શ્રી મૃગેશ દવે, ઉપ સચિવ
શ્રીમતી પલક જે. ભાલોડિયા, સેકશન અધિકારી

# જાહેર સાહસો માટેની સમિતિ

# (૨૦૨૦ – ૨૦૨૧)

## પ્રમુખશ્રી

ડૉ. નીમાબેન આચાર્ય

## સભ્યો

શ્રી કાંતિભાઇ ખરાડી
શ્રી રાકેશભાઇ શાહ
શ્રી જગદીશ વિશ્વકર્મા
શ્રી અરવિંદકુમાર પટેલ
શ્રી મહમદજાવીદ પીરઝાદા
શ્રી ભીખાભાઇ જોષી
શ્રી હર્ષદકુમાર રીબડીયા
શ્રી પુનમભાઇ પરમાર
શ્રી કેતનભાઇ ઇનામદાર
શ્રી સુખરામભાઇ રાઠવા
શ્રી અભેસિંહ તડવી
શ્રી જીતેન્દ્ર સુખડીઆ
શ્રી હર્ષ સંઘવી
શ્રી પુર્ણેશ મોદી

## ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રીમતી કે. એસ. પંચોલી, નાયબ સચિવ

શ્રી ડી. એ. ચૌધરી, ઉપ સચિવ

# અહેવાલ

૧. હું જાહેર સાહસો માટેની સમિતિનો પ્રમુખ સમિતિ વતી સમિતિએ કરેલ કાર્યવાહીનો નીચે મુજબનો અહેવાલ રજૂ કરું છું.

૨. ભારતના કોમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલના સન ૨૦૦૬-૦૭ના વર્ષના ઑડિટ અહેવાલ (વાણિજ્યિક) પરના બારમી ગુજરાત વિધાનસભાની સમિતિના અઢારમા અહેવાલમાં કરવામાં આવેલ ભલામણો પરનો તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિનો બારમો અહેવાલ તા.૨જી માર્ચ, ૨૦૧૭ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવેલ હતો.

૩. ઉક્ત બારમા અહેવાલમાં ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમને સંબંધિત ભલામણ ફકરા ક્રમાંક:૪થી સમિતિએ પંચાયતોને આર્થિક દ્રષ્ટિએ વધુ સમૃદ્ધ બનાવવા માટે કોલસો બનાવવા સંબંધેની નીતિને વધુ સ્પષ્ટ અને લોકોપયોગી બનાવવા જણાવ્યુ હતું તેમજ ગાંડા બાવળને કાપીને તેમાંથી કોલસો બનાવવાની આ કામગીરીમાં પંચાયતોને વધુ ફાયદો થઈ શકે તેવી નવી નીતિ બનાવી સમિતિને તેની જાણ કરવા પુન:ભલામણ કરેલ હતી.

સમિતિને ઉક્ત ભલામણ અન્વયે વિભાગ/નિગમ દ્વારા લીધેલાં પગલાં પરના પત્રકો મોકલી આપવા સંબંધમાં વિભાગ/નિગમને કુલ ૪(ચાર) સ્મૃતિપત્રો તથા વિભાગ દ્વારા મુદ્દત વધારી આપવા અંગેના "વિનંતીપત્રો" પરત્વેના બે પ્રતિપત્રો પાઠવવામાં આવેલ હતા તેમજ તા. ૦૬/૦૧/૨૦૨૧ નારોજ સમિતિના તત્કાલીન માન. પ્રમુખશ્રીની ચેમ્બરમાં માન. પ્રમુખશ્રી સાથે ઉક્ત ભલામણ સંબંધમાં વિભાગ/ નિગમના પ્રતિનિધિ દ્વારા સઘન ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આમ છતાં સભાગૃહમાં ઉક્ત અહેવાલને રજૂ કર્યા તારીખ (તા. ૦૨/૦૩/૨૦૧૭) થી તા.૦૨/૦૩/૨૦૨૩ સુધી એટલે કે, ૭ વર્ષ જેટલો ઘણો લાંબો સમય વીતી ગયેલ હોવા છતાં વિભાગ દ્વારા ઉક્ત પગલાં પરના પત્રકો સમિતિને મોકલવામાં આવેલ ન હતા. સમિતિ તેને વિભાગની ગંભીર ક્ષતિ તરીકે જુએ છે. આ સંબંધમાં સમિતિ સમક્ષ ખુલાસો કરવા તા.૦૬/૦૬/૨૦૨૩ના રોજ વિભાગ/નિગમના પ્રતિનિધિઓને હાજર રહેવા જણાવવામાં આવેલ. તદ્દનુસાર ઉક્ત તારીખે ઉક્ત બાબત સંબંધમાં વિભાગ/નિગમના પ્રતિનિધિઓ સમિતિ સમક્ષ હાજર રહ્યા હતા. ખુલાસા દરમિયાન સમિતિની ભલામણ સંબંધમાં ચર્ચા કરવામાં આવી હતી, જેમાં વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, સમિતિ દ્વારા ગાંડા બાવળને કાપીને કોલસો બનાવવાની કામગીરીમાં

પંચાયતોને આર્થિક ફાયદો થાય તે અંગેની નવી નીતિ તૈયાર કરવા માટે મહેસૂલ વિભાગ, પંચાયત વિભાગ તથા અન્ય સંબંધિત વિભાગો સાથે સંકલન/પરામર્શ અને ચર્ચા કરીને નીતિ તૈયાર કરવામાં આવેલ છે જેને હાલ સરકારશ્રીની મંજૂરી અર્થે રજૂ કરવામાં આવેલ છે.

ઉક્ત નીતિ તૈયાર કરવા સંબંધેની તમામ કામગીરી પૂર્ણ થઈ ગયેલ હોઈ તેને સરકારશ્રી દ્વારા કેટલા સમયમાં મંજૂરી મળી શકે તેમ છે એવી સમિતિના માનનીય પ્રમુખશ્રી દ્વારા પૃચ્છા કરતા વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, મંજૂરી મળવાની પ્રક્રિયા ઝડપથી થાય તે માટે ફોલોઅપ કરીને પ્રયત્ન કરવામાં આવશે અને સમિતિને તેની જાણ પણ કરવામાં આવશે. પોલીસી તૈયાર કરવા અંગેની પ્રક્રિયામાં ઘણા વર્ષોનો સમય વીતી ગયેલ હોઇ, ઉક્ત પ્રક્રિયાનો ઝડપથી અંત આવે તેવી તત્સમયે સમિતિએ લાગણી વ્યક્ત કરી હતી અને પોલીસી સમિતિને મોકલવાની શરતે સમિતિએ તેની ભલામણનો અમલ થયેલ ગણી ભલામણનો નિકાલ કરવાનો નિર્ણય કર્યો હતો.

૪. વિભાગ દ્વારા ઉક્ત બાબતે સમયમર્યાદામાં અદ્યતન વિગતો સાથેનો પ્રત્યુત્તર ન પાઠવતાં વિભાગને ઉક્ત સંદર્ભે જરૂરી અદ્યતન વિગતો પૂરી પાડવા જણાવતાં વિભાગ દ્વારા તેના તા.૧૪/૦૮/૨૦૨૩ના પત્રથી મોકલી આપવામાં આવેલ (પરિશિષ્ટ-૧). તેના મુજબ સમિતિની ઉક્ત

બેઠક બાદ સદર નીતિ મંજૂરી માટે મુખ્ય સચિવશ્રી સમક્ષ રજૂ કરવામાં આવેલ છે જે બાબત સમિતિની ઉક્ત બેઠક દરમ્યાન વિભાગના પ્રતિનિધિ દ્વારા રજૂ કરાયેલ માહિતીથી વિપરિત માલૂમ પડેલ છે. આમ, વિભાગ દ્વારા સમિતિ સમક્ષ ખોટી અને અધૂરી માહિતી રજૂ કરવાની ઉક્ત બાબત અંગે સમિતિએ સખ્ત નારાજગી વ્યકત કરીને તેની ગંભીર નોંધ લીધી છે અને ભવિષ્યમાં વિભાગ/નિગમના પ્રતિનિધિઓ સંપૂર્ણ અભ્યાસ તથા હકીકતલક્ષી વિગતો સાથે સમિતિ સમક્ષ ઉપસ્થિત રહે તે અંગે કાળજી રાખવા તાકીદ કરી છે. વધુમાં વિભાગના તા. ૧૪/૦૮/૨૦૨૩ના તથા તા. ૧૪/૧૨/૨૦૨૩ના પત્ર (પરિશિષ્ટ – ૨) માં દર્શાવેલ વિગતોને ધ્યાને લેતાં વિભાગ તરફથી સમિતિની ભલામણ સંબંધમાં કોઈ નક્કર કાર્યવાહી થઈ હોય તેવું સમિતિને જણાયેલ નથી. જેની સમિતિ એ ગંભીર નોંધ લીધી છે.

૫. સમિતિએ તા.૦૬/૦૬/૨૦૨૩ના રોજની બેઠકમાં ઉક્ત પ્રકરણ સંદર્ભે કરેલ ચર્ચા–વિચારણાને અંતે **કોલસા બનાવવાની નવી નીતિ પૂર્ણતાના આરે હોવાથી સમિતિના માન.પ્રમુખશ્રીએ એક મહિનામાં ઉક્ત કામગીરી પૂર્ણ કરવાની લાગણી વ્યક્ત કરી હતી અને તેથી મંજૂર થયેલ નીતિ સમિતિને સત્વરે મોકલી આપવાની શરતે સમિતિએ ભલામણનો આખરી નિકાલ કર્યો છે.**

૬.	સમિતિએ તેની તા. ૦૨/૦૧/૨૦૨૪ ના રોજ મળેલ બેઠકમાં તેના પ્રથમ અહેવાલના મુસદ્દાને મંજૂરી આપી છે.

૭.	સમિતિની તપાસ દરમિયાન ડેપ્યુટી એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ તથા વન અને પર્યાવરણ વિભાગના નાણા સલાહકારશ્રીએ સમિતિની બેઠકમાં હાજર રહીને સમિતિને પૂરા પાડેલ માર્ગદર્શન બદલ સમિતિ તેમનો આભાર માને છે.

૮.	અહેવાલમાં દર્શાવેલ સરકારના વિભાગના અગ્ર સચિવશ્રી તથા જાહેર સાહસના મેનેજિંગ ડિરેક્ટરશ્રી અને અન્ય અધિકારીશ્રીઓ સમિતિની બેઠકમાં હાજર રહ્યા હતા અને સમિતિને તેના કામકાજમાં સહકાર આપવા બદલ સમિતિ તેમનો આભાર માને છે.

૯.	ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારી/કર્મચારીઓએ સમિતિના કામકાજમાં કરેલ સહાયની સમિતિ કદર કરે છે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,** **ગણપતસિંહ વસાવા**

**ગાંધીનગર.** **પ્રમુખશ્રી**

**તા.૦૨-૦૧-૨૦૨૪** **જાહેર સાહસો માટેની સમિતિ.**

**પંદરમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના પહેલા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણ/અવલોકનનો સારાંશઃ**

| અ.નં. | ફકરા ક્રમાંક | ભલામણ/અવલોકનનો સારાંશ |
|---|---|---|
| ૧ | ૫ | કોલસા બનાવવાની નવી નીતિ પૂર્ણતાના આરે હોવાથી સમિતિના માન.પ્રમુખશ્રીએ એક મહિનામાં ઉક્ત કામગીરી પૂર્ણ કરવાની લાગણી વ્યક્ત કરી હતી અને તેથી મંજૂર થયેલ નીતિ સમિતિને સત્વરે મોકલી આપવાની શરતે સમિતિએ ભલામણનો આખરી નિકાલ કર્યો છે. |

: ૬ :



ક્રમાંક : FED/MSM/e-file/6/2022/1150/F
(વપન-૧૦૨૦૧૮-૧૨૦૯-એફ)
વન અને પર્યાવરણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.

પ્રતિ,
નાયબ સચિવશ્રી,
જાહેર સાહસો માટેની સમિતિ,
ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.

વિષય : જાહેર સાહસો માટેની સમિતિની તા.૦૬/૦૬/૨૦૨૩ની બેઠકમાં માંગેલ માહિતી મોકલી આપવા બાબત.
સંદર્ભ: ગુજરાત વિધાનસભા સચિવાલયનો તા.૦૧-૦૮-૨૦૨૩ નો પત્ર ક્ર.સ-૩/૮(જ૧)ભાગ-૩/૯૫૦૩.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, જાહેર સાહસો માટેની સમિતિની તા.૦૬/૦૬/૨૦૨૩ની બેઠકમાં તેરમી ગુજરાત વિધાનસભા જાહેર સાહસો માટેની સમિતિના બારમા અહેવાલમાં ગાંડા બાવળમાંથી ચારકોલ બનાવવાની નીતિ વિષયે ચર્ચા હાથ ધરવામાં આવેલ હતી. સદર મીટીંગમાં સમિતીને વિભાગ દ્વારા કરેલ કાર્યવાહીથી અવગત કરાવવામાં આવેલ. મીટીંગમાં મળેલ સુચનાઓ અન્વયે ગાંડા બાવળમાંથી કોલસો બનાવવાની નીતિની યોગ્ય સ્તરે મંજુરી મેળવી તેની નકલ સમિતીને મોકલવા જણાવેલ હતુ.

ત્યારબાદ ગાંડા બાવળમાંથી ચારકોલ બનાવવાની નીતિ અંગેની ફાઇલ મુખ્ય સચિવશ્રી કક્ષાએ સાદર કરવામાં આવેલ હતી. તેમના દ્વારા તા.૨૬/૬/૨૦૨૩ ના રોજ આ સંદર્ભે એક મીટીંગ રાખવામાં આવેલ હતી. સદર મીટીંગમાં ચારકોલ નીતિ અંગે મુખ્ય સચિવશ્રીને પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવેલ હતુ. મીટીંગ દરમ્યાન મુખ્ય સચિવશ્રી દ્વારા ગુજરાત રાજ્યમાં ગાંડા બાવળથી આચ્છાદિત ગામવાર વિસ્તાર કેટલો છે ? અને કયા જિલ્લામાં તેનો વ્યાપ કેટલો છે ? તે માહિતી એકત્રિત કરવા જણાવેલ હતુ. સાથોસાથ આ ચારકોલ બનાવવાથી જે તે વિસ્તારની પંચાયતોને કેટલી આવકની સંભાવના છે ? અને લોકોમાં કેટલી રોજગારી ઉત્પન્ન થશે ? તે અંગેની વિગતો પણ રજુ કરવા જણાવેલ હતું. તે ઉપરાંત ૧૫માં નાણાપંચમાં ગ્રામ પંચાયતોને મળેલ રકમની વિગતો રજુ કરવા પણ જણાવવામાં આવેલ હતુ. ઉકત તમામ માહિતી એકત્ર કરવાની કામગીરી હાલમાં ચાલુ છે. જેમાં થોડો સમય વ્યતિત થાય તેમ છે. સમગ્ર વિગતો એકત્રિત કરી ટુંક સમયમાં મુખ્ય સચિવશ્રીને રજુ કરવામાં આવશે. જેથી ગાંડા બાવળમાંથી ચારકોલ બનાવવાની પોલિસીની મંજુરી માટે આગળની કાર્યવાહીમાં થોડો સમય વ્યતિત થાય તેમ છે, જે બાબતથી જાહેર સાહસો માટેની સમિતિના માનનીય અધ્યક્ષશ્રીને અવગત કરાવવા આપશ્રીને નમ્ર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,
(બી.એલ.ચૌધરી)
નાયબ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

Signature Not Verified
Signed by:B.l.chaudhari
Deputy Secretary
Date: 2023.08.14

File No: FED/MSM/e-file/6/2022/1150/F Section
Approved By: B.l.chaudhari(DS,F Section,FED)
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

963

: ૭ :

## પરિશિષ્ટ-૨

ક્રમાંક : FED/MSM/e-file/6/2022/1150/F
(વવન-૧૦૨૦૧૮-૧૨૦૯-એફ)
વન અને પર્યાવરણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.

પ્રતિ,
નાયબ સચિવશ્રી,
જાહેર સાહસો માટેની સમિતિ,
ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.

વિષય : જાહેર સાહસો માટેની સમિતિની તા.૦૬/૦૬/૨૦૨૩ની બેઠકમાં માંગેલ માહિતી મોકલી આપવા બાબત.

સંદર્ભ: ગુજરાત વિધાનસભા સચિવાલયનો તા.૧૨-૧૧-૨૦૨૩ નો પત્ર ક્ર.સ-૩/૮(ઝ૧)ભાગ-૩/૧૨૫૭૦.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, જાહેર સાહસો માટેની સમિતિની તા.૦૬/૦૬/૨૦૨૩ની બેઠકમાં તરમી ગુજરાત વિધાનસભા જાહેર સાહસો માટેની સમિતિના બારમા અહેવાલમાં ગાંડા બાવળમાંથી ચારકોલ બનાવવાની નીતિ વિષયે ચર્ચા હાથ ધરવામાં આવેલ હતી. સદર મીટીંગમાં સમિતીને વિભાગ દ્વારા કરેલ કાર્યવાહીથી અવગત કરાવવામાં આવેલ. મીટીંગમાં મળેલ સુચનાઓ અન્વયે ગાંડા બાવળમાંથી કોલસો બનાવવાની નીતિની યોગ્ય સ્તરે મંજુરી મેળવી તેની નકલ સમિતીને મોકલવા જણાવેલ હતુ.

વિભાગ દ્વારા ગાંડા બાવળમાંથી ચારકોલ બનાવવાની નીતિ અંગેની ફાઈલ મુખ્ય સચિવશ્રી કક્ષાએ સાદર કરવામાં આવેલ હતી. તેમના દ્વારા તા.૨૬/૬/૨૦૨૩ ના રોજ આ સંદર્ભે એક મીટીંગ રાખવામાં આવેલ હતી. સદર મીટીંગમાં મુખ્ય સચિવશ્રી દ્વારા સૂચવ્યા મુજબની વિગતો એકત્રિત કરી અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી દ્વારા અત્રેથી તા.૨૩/૦૮/૨૦૨૩ ના રોજ ચારકોલ નીતિને મંજૂરી મળવા બાબતની સિંગલ ફાઈલ સરકારશ્રીમાં સાદર કરેલ તેમજ તે અંગેનું પ્રેઝન્ટેશન અગ્રસચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગર સમક્ષ રજુ કરેલ. જે સંદર્ભે આ વિભાગના તા.૦૯/૧૦/૨૦૨૩ ના પત્રથી તા.૨૩/૦૮/૨૦૨૩ની સિંગલ ફાઈલ અન્વયે ચારકોલ નીતિના ડ્રાફટમાં સુધારો સૂચવેલ અને તે મુજબનો ચારકોલ નીતિનો અદ્યતન ડ્રાફટ અને પ્રેઝન્ટેશન રજુ કરવા અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરીને જણાવેલ. જે અન્વયે તા.૨૨/૧૧/૨૦૨૩ ના રોજ અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી દ્વારા ચારકોલ નીતિનો અદ્યતન ડ્રાફટ અને પ્રેઝન્ટેશન સરકારશ્રીની મંજૂરી માટે આ વિભાગને સાદર કરેલ છે. ચારકોલ નીતિનુ આખરીકરણ કરી સરકારશ્રીની મંજૂરી માટે રજૂ કરવામાં આવનાર હોઈ, ગાંડા બાવળમાંથી ચારકોલ બનાવવાની નીતિની મંજૂરીની કાર્યવાહીમાં થોડો સમય વ્યતિત થાય તેમ છે. જે આપશ્રીને વિદિત થવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ ,

eSign Signed by: BHARATKUMAR L CHAUDHARI
Location: Ahmedabad, India
Organization Unit: Forest and Environment Department
Date: 14-Dec-2023 (11:38 AM)

(બી.એલ.ચૌધરી)
નાયબ સચિવ(વન)
વન અને પર્યાવરણ વિભાગ

File No: FED/MSM/e-file/6/2022/1150/F Section
Approved By: Deputy Secretary,F Section,FED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

--------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.